ગાંધીનગર સમાચાર

રાંધેજામાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિ વણસી

Infocity JUNIOR SCIENCE COLLEGE
(HIGHER SECONDARY GUJARATI & ENGLISH MEDIUM SCHOOL)
''ટ્યુશન વગર સર્વશ્રેષ્ઠ પરિણામ આપતી ગુજરાતની એકમાત્ર સંસ્થા''
JEE/GUJCET - ધો.૧૧/૧૨ (વિજ્ઞાન પ્રવાહ)
CONVENIENT HOSTEL FACILITY FOR BOYS AND GIRLS, TRANSPORTATION FACILITY AVAILABLE
Std 6 to 12- Guj & Eng & Std. 11 & 12 Guj Medium at Plot No. 42, Sargasan, Gandhinagar, Ph. : 29289315, 29289585
Std. 11 & 12 Eng. Medium at Infocity Complex, Nr. GH-0, Annexe Building, Gandhinagar, Ph. : 23213033, 23213032
Admission Open Contact : 98242 66121, 99790 98385, 98253 53551
Admission Open for 6th Std. to 12th Std. (for both English and Gujarati Medium)

# ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ૧૭મીએ સ્માર્ટ વિલેજનું લોન્ચીંગ

**રાજ્યના ૧૦ હજાર સરપંચો ઉપસ્થિત રહેશે : સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામના પુરસ્કારો પણ અપાશે : ગામડા તુટતા બચાવવા રાજ્ય સરકાર દ્વારા ચોથી યોજના અમલી બનશે**

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સરકાર દ્વારા આ વખતે બજેટમાં પહેલીવાર કરાયેલ જોગવાઈ મુજબ ''સ્માર્ટ વિલેજ'' યોજનાનું લોન્ચીંગ આગામી ૧૭મીના રોજ મહાત્મા મંદિર ખાતે રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે કરાશે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજયમાં પંચાયતી રાજની વિશેષ ઉજવણી સાથે આ સ્માર્ટ વિલેજ યોજના લોન્ચ કરવામાં આવશે. આ માટેની તૈયારીઓ પણ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી હોવાનું સૂત્રોએ ઉમેર્યુ છે.

પંચાયતના સૂત્રોએ જણાવ્યું છે કે ૧૦ હજારથી વધુ સરપંચોને આ માટે આમંત્રણ પાઠવવામાં આવનાર છે.

આ દિવસે રાજયમાં ત્રણ હજાર ગામ એવા છે જ્યાં ૨૦૧૨ના બેઝ લાઈન સર્વે પ્રમાણે ૧૦૦ ટકા શૌચાલયોની સુવિધા ઉપલબ્ધ થઈ ગઈ છે તેવા ગામના સરપંચોનું મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે સન્માન કરવામાં આવશે.

આ દિવસે પંચાયતને લઈ કેટલીક મહત્વની અન્ય જાહેરાતો પણ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. આ સરપંચ સંમેલનની સાથે સાથે રાજ્ય પુરસ્કૃત અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું વિશેષ પ્રદર્શન પણ રાખવામાં આવનાર છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામ યોજનાની ગ્રાન્ટ અને

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

મધર્સ-ડે : પશ્ચિમના દેશોમાં ઉજવાતા મધર્સ-ડેનું ગ્લોબલ સેલિબ્રેશન થઈ રહ્યું છે ત્યારે છેવાડાના સમાજમાં છલકાતો માતૃપ્રેમ કોઈ વૉટ્સએપ કે ફેસબુકમાં નહીં દેખાય... આ ભારતીય સંસ્કૃતિનું માતૃવાત્સલ્ય છે...

# સે-૨૧ના ચ કક્ષાના ભયજનક બ્લોકને ખાલી કરાવી દેવાયો

**ડિમોલીશન કે રીનોવેશન માટે અભ્યાસના અંતે નિર્ણય લેવાશે**

ગાંધીનગર તા ૮

સે-૨૧ માં ચ કેટેગરીના એક સરકારી બ્લોકને તંત્ર દ્વારા ખાલી કરાવી દેવામાં આવ્યો છે. ગત સપ્તાહ દરમિયાન આ બ્લોકમાં સ્લેબ તુટી પડતા રહીશોમાં દોડધામ મચી જવા પામી હતી. આ ઘટનાના અંતે તંત્ર દ્વારા આવાસોના બાંધકામની સ્થિત ચકાસી આવાસોને તોડી નાંખવા કે રીનોવેશન કરવુ તે અંગેનો નિર્ણય લેવાશે. હાલ આ બ્લોકના તમામ મકાનો ખાલી કરાવી દેવાયા છે.

શહેરના સરકારી આવાસોની સ્થિતિ ભયજનક હોવાનો સુર અનેકવાર ઉઠવા પામે છે. જયારે આ દરમિયાન છતમાંથી પોપડા ખરતા હોવાની ઘટના પ્રકાશમાં આવતા રહીશોમાં પણ ગભરાટ પ્રવર્તયો છે. સરકારી આવાસોના રીનોવેશનની કામગીરી પણ મંદ ગતિએ ચાલતી હોવાથી આમ નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે.બીજીતરફ શહેરમાં નિકાલ હેઠળના મકાનો પણ તોડી પાડવામાં આવ્યા છે.

ત્યારે ભયજનક મકાનો હજુ પણ યથાવત હોવાથી રહીશોને માથે સલામત છત નસીબ ન થતી હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. શહેરના સે-૨૧ માં સ્થિત ગત સપ્તાહ દરમિયાન જ ચ કક્ષાના સરકારી આવાસમાં બહારના ભાગેથી તોતિંગ સ્લેબ તુટી પડયો હતો. જેના લીધે બ્લોકમાં રહેતા રહીશોમાં દોડધામ મચી જવા પામી હતી. જયારે આ ઘટનાના અંતે તંત્ર દ્વારા આખો બ્લોક ખાલી કરાવી દેવાયો હતો. હાલ ભયજનક બ્લોકના રહીશોને અન્ય ઠેકાણે મકાનો ફાળવી દેવામાં આવ્યા છે. જયારે ભયજનક બ્લોકની સ્થિતિનો તાગ મેળવવા માટે તજજ્ઞોની ટીમ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

# શહેરમાં વન વિભાગ દ્વારા ખાલી જગ્યાઓનો સર્વે હાથ ધરાયો

**ખાલી જગ્યાની માપણી કરી કલરકોડ પ્રમાણે વધુ રોપાઓની વાવણી કરાશે**

ગાંધીનગર તા ૮

શહેરમાં વન વિભાગની ખાલી જગ્યા અંગે સર્વે હાથ ધરવામાં આવ્યો છે. વન આરક્ષિત જગ્યામાં વધુ પ્લાન્ટેશન કરવા માટે તંત્ર દ્વારા ખાલી જગ્યાની માપણી કરવામાં આવી રહી છે. જેના અંતે સેકટરોમાં કલર કોડ પ્રમાણે રોપાઓની વાવણી કરવામાં આવશે.

શહેરમાં વન વિભાગ દ્વારા આગામી ચોમાસા દરમિયાન રોપાઓની વાવણી કરવા અત્યારથી જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે વન તંત્ર દ્વારા શહેરના મુખ્યમાર્ગો આસપાસ ૨૧ હજાર જેટલા ખાડા ખોદવામાં આવ્યા છે. શહેરમાં વધુ વૃક્ષો

● અનુસંધાન પાન-૭ પર

# રાંધેજામાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિ વણસી

**વધુ ૧૯ કેસ નોંધાયા : તંત્ર દ્વારા ખાસ ઓપીડી : પંચાયતને નોટીસ ફટકારવામાં આવી : ટેન્કરથી પાણી આપવા તાકિદ**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામમાં પેયજળને લઈ ઝાડાના દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. આજે વધુ ૧૯ કેસ મળી આવતાં દર્દીઓની સંખ્યા ૫૮ પર પહોંચી છે.

દરમ્યાન આરોગ્યતંત્રએ પરિસ્થિતિને કાબુમાં લેવા માટે ગ્રામ પંચાયતને નોટીસ ફટકારી દીધી છે તેમજ બોરના પાણીનું સપ્લાય બંધ કરી અને સ્થિતિ સામાન્ય ના બને ત્યાં સુધી ટેન્કરથી પાણી આપવા તાકિદ કરી છે.

જિલ્લાના વેપારી મથક તરીકે ઓળખાતા રાંધેજા ગામમાં પાણીજન્ય રોગચાળાની પરિસ્થિતિ છેલ્લા ત્રણ દિવસથી કથળી રહી છે.

આજે વધુ ૧૯ કેસ મળી આવતા તંત્રએ ત્યાં સર્વેલન્સ સઘન બનાવ્યુ છે. આજે બીજે દિવસે પણ વધુ પાંચ પાણીના લિકેજીસ શોધી કાઢવામાં આવ્યા છે અને દુરસ્તીનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

આજે નોંધાયેલા દર્દીઓમાંથી ૪ દર્દીઓને સ્થાનિક ટ્રસ્ટની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. એક દર્દીને સઘન સારવાર માટે ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં પારો ૪૨ ડિગ્રી

**કાળઝાળ ગરમીનો અનુભવ : ગરમી વધતા રજાનો દિવસ વસાહતીઓએ ઘરમાં પસાર કર્યો**

ગાંધીનગર, તા. ૮

ગયા અઠવાડિયે વાતાવરણમાં આવેલા ફેરફારને પગલે ઘટેલુ તાપમાન પુનઃ વધવા માંડ્યું છે. આજે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી નોંધાતા આખો દિવસ લુ ફુંકાઈ હતી.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે ગયા અઠવાડિયે ગરમીમાં બે થી ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. તાપમાન ઘટતા ગરમીમાં રાહત અનુભવાઈ હતી. જો કે ગઈકાલથી ગરમી પુનઃ વધવા લાગી છે. આજે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીએ પહોંચી જતા ગરમીમાં સારો એવો વધારો થયો છે. આખો દિવસ લુ ફુંકાતા અને આકરો તડકો પડતા વસાહતીઓ હેરાન-પરેશાન થઈ ગયા હતા. ગરમીના કારણે માર્ગો પર અવરજવર એકદમ ઓછી જણાતી હતી. વસાહતીઓએ ગરમીના કારણે આખો દિવસ ઘરમાં જ પસાર કર્યો હતો.

# કલરવના ભૂલકાંઓએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા

**એકમેકથી ચઢિયાતી કૃતિઓ રજૂ કરી બાળકોએ અઢળક પ્રસંશા મેળવી : માત્ર ૧૨ દિવસની તાલીમ પછી અદ્‌ભૂત સ્ટેજ શૉ પ્રસ્તુત કર્યો**




(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૮

સાંસ્કૃતિક નગરી ગાંધીનગરમાં કલાપ્રેમીઓ દ્વારા બાળકોમાં રહેલી વિવિધ કલા અને કૌશલ્યને નિખારવા માટે શહેરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં કલરવ સંસ્થા દ્વારા બાળ કલાકારો માટે રંગમંચલક્ષી ૧૨ દિવસ સુધી તાલીમ આપવામાં આવી હતી. તાલીમના અંતે તમામ તાલીમાર્થીઓ બાળકો માટે બાલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ રાસ, ગરબા, નૃત્યો અને નાટક સહિતની વિવિધ કૃતિઓ મોટેરાઓના માર્ગદર્શન હેઠળ રજૂ કરી ચોતરફ કલાના રંગો નિખાર્યા હતા. જેને ઉપસ્થિત સૌ કોઈ માણી આનંદિત થઈ ઉઠ્યા હતા.

બાલોત્સવના સમાપન પ્રસંગે યોજાયેલા નિદર્શન કાર્યક્રમમાં બાળકોએ અદ્‌ભૂત નૃત્યો જેવા કે કથ્થક, ભરત નાટ્યમ, રાસ-ગરબા, રાજસ્થાની ઘુમર, ખંજરીનૃત્ય, રાજસ્થાની ફ્યુઝન, હરિયાણવી, પંજાબી તથા લાવણી વગેરેની ધ્યાનાકર્ષક પ્રસ્તુતિ કરી પ્રેક્ષકોની તાળીઓના ગડગડાટ મેળવ્યો હતા. આ ઉપરાંત બાળકોએ નાટ્યકાર નીતિન પટેલ લિખિત - જિગ્દર્શિત નાટકની પણ દિલધડક પ્રસ્તુતિ કરી ખૂબ પ્રશંસા પ્રાપ્ત કરી હતી. પ્રેક્ષકોએ બાળકો દ્વારા રજૂ કરાયેલ એકમેકથી ચઢિયાતી તમામ કૃતિઓને ખોબલે ખોબલે તાળીવર્ષા તથા ચિચિયારીઓ સાથે વધાવી હતી.

કાર્યક્રમમાં ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા, નિવૃત આઈએએસ અધિકારી વી.એસ. ગઢવી, ડી.એન. પાંડે, સાહિત્ય અકાદમીના ચેરમેન ભાગ્યેશ જહા, સેન્ટ ઝેવિયર્સના પ્રિન્સીપાલ ફાધર હેક્ટર, માઉન્ટ કાર્મેલના સિસ્ટર રેણુકા, સહિત દિનેશ પટેલ, મહેન્દ્ર ગજ્જર, કેતન મહેતા, ડૉ. પિયુષ દવે, રાહુલ મહેતા સહિતના અગ્રણી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમાં ભાગ લેનાર તમામ બાળકોને ઈનામ તથા પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા.

કાર્યક્રમની સફળતા માટે કલરવર સંસ્થાના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ કમલકિશોર જૈન અને હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## બાળકોના ''નાટકીય'' સવાલો સામે રાજકીય અગ્રણીઓ ભોંઠા પડ્યા

કલરવના કાર્યક્રમમાં રજૂ કરાયેલ નાટકમાં બાળકો તેમનું બાળપણ શોધવા નીકળ્યા હતા. જીવનની રોજબરોજની હાડમારી તથા સમસ્યાઓ સાથે વાલીઓ દ્વારા કરાતા સમાધાનોથી તથા સત્તાધીશો દ્વારા આચરવામાં આવતા ધન તથા સત્તા લાલસાના ખેલ ઉઘાડા પાડતા આ નાટકના અંતે બાળકો સમાજના સભ્યો પાસેથી ભ્રષ્ટાચાર, અનીતિ અને રાજકીય પ્રપંચો નહી કરવાનું વચન માંગે છે. બરાબર આ જ સમયે સ્ટેજની સામે પહેલી હરોળમાં જ બેઠેલા ગાંધીનગરના રાજકીય અગ્રણીઓ બાળકોના સવાલો સામે રીતસર ભોંઠા પડી જતા જોવાયા હતા.

કાર ભાડે મળશે
ઈન્ડીકા, ઈન્ડીગો, ટવેરા, ઈનોવા, ૧૨-સીટ વિંગર, ૧૪-સીટ ટેમ્પો, ૧૯/૨૯-સીટ મિની બસ, ૪૫-સીટ બસ, એ.સી. કોચ વોલવો ભાડે મળશે.
મેરેજ કાર : ● હોન્ડા સીટી ● કેમરી ● ક્રુઝ ● મરસીડીઝ ● બીએમડબલ્યુ ● સેઝ લીમો
ટુર પેકેજ : કેરલ, ગોવા, રાજસ્થાન, એમ.પી., કાશ્મીર, મહારાષ્ટ્રા, વૈષ્ણોદેવી
પાસપોર્ટ :- વિઝા કન્સલ્ટન્ટ ● એર ટીકીટ ● બસ ટીકીટ
હેતશ્રી ટ્રાવેલ્સ
૧૨૧, સુપર મોલ-૧, ઈન્ફોસીટી. મો. ૯૯૭૮૯ ૫૯૦૯૯, ૦૭૯૨૩૨૧૩૨૦૯

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010. Tel.: +91-79-66701001 Fax: +91-79-23236477 Website: www.gujpetronet.com, E-mail: investors.gspl@gspc.in
NOTICE
Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Thursday, the 19th May, 2016, inter-alia, to consider and take on record the Audited Financial Results of the Company for the quarter & year ended on 31st March, 2016 and to recommend dividend, if any, for the financial year 2015-2016.
The said intimation is also available on the Company's website viz. www.gujpetronet.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.
For Gujarat State Petronet Limited
sd/-
Company Secretary
Place: Gandhinagar
Date: 7th May, 2016

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com